## (1) ઓપન સ્કાય પોલિસિ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ભારતમાં નેશનલ સિવિલ એવિએશન પોલિસિ, 2016 દ્વારા SAARC સમૂહના દેશો સાથે ભારત ઓપન સ્કાય પોલિસિ અપનાવી શકે છે.

(2) ઓપન સ્કાય પોલિસિ અપનાવનાર દેશોની વચ્ચે હવાઈ મુસાફરીના ભાડામાં ઘટાડો થાય છે.

(3) ભારતની હજુ સુધી કોઈપણ દેશ સાથે આવી પોલિસિ નથી.

(4) આવી પોલિસિ દ્વારા બે દેશો વચ્ચે અસંખ્ય વિમાન સેવાઓ કાર્યરત થઈ શકે છે.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)　　(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં યુ.એ.ઈ.એ ભારત સાથે ઓપન સ્કાય પોલિસિ અથવા એગ્રીમેન્ટ અપનાવવાની રૂચિ દાખવી છે.

⇛ ઓપન સ્કાય કરાર બે દેશો વચ્ચે થાય છે અને બન્ને દેશ એકબીજાની એરલાઈન્સને આંતરરાષ્ટ્રીય મુસાફર તથા માલસામાનની સેવા માટેના હક પ્રદાન કરે છે.

⇛ આવા કરાર દ્વારા બે દેશ વચ્ચેની વિમાની સેવામાં વધારો થતાં ભાડામાં ઘટાડો થાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ઉપરાંત આવા કરાર દ્વારા બે દેશો વચ્ચે કાર્યશીલ વિમાની સેવા અસંખ્ય થઈ શકે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ભારતમાં નેશનલ સિવિલ એવિએશન પોલિસિ, 2016 દ્વારા SAARC સમૂહોના દેશો તથા નવી દિલ્હીથી 5000 km દૂરના દેશ સાથે ભારત સરકાર ઓપન સ્કાય કરાર કરી શકે છે. આથી, 5000 km ત્રિજયાની અંદરના દેશો માટે અલગથી કરાર કરવો પડે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ભારતની ગ્રીસ, યુ.એસ.એ., જાપાન, ફિનલેન્ડ વગેરે જેવાં ઘણા દેશો સાથે ઓપન સ્કાય સંધિ કાર્યરત છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ (FCRA), 2010 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ અધિનિયમનું અમલીકરણ નાણા મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

(2) આ અધિનિયમ હેઠળ સ્વૈચ્છિક સંસ્થાને થતાં વિદેશી દાનનું નિયમન કરવામાં આવે છે.

(3) અધિનિયમ હેઠળ સંસ્થાઓએ તેમની નોંધણી દર 5 વર્ષે કરવી પડે છે.

(4) અધિનિયમ હેઠળ દરેક NGO કે જેને વિદેશી દાન સ્વીકારવાની મંજૂરી મળેલી છે તેઓએ મેળવેલા વિદેશી દાનની માહિતી દર નાણાકીય વર્ષે વિસ્તૃતમાં આપવી પડે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ભારતમાં ફોરેન કન્ટ્રીબયુશન રેગ્યુલેશન એક્ટ (FCRA), 2010 દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓને મળતાં વિદેશી દાનનું નિયમન કરવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ અધિનિયમનું અમલીકરણ ગૃહ મંત્રાલય દ્વારા કરાવવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ વિદેશી દાન સ્વીકારવા માંગતી દરેક સ્વૈચ્છિક સંસ્થાઓએ આ અધિનિયમ હેઠળ દર 5 વર્ષે નોંધણી કરાવવી પડે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ FCRAના સુધારેલાં નિયમો મુજબ, દરેક NGO કે જેને FCRA હેઠળ મંજૂરી મળેલી છે તેઓએ મેળવેલા વિદેશી દાન તથા તેમનો કેવી રીતે ખર્ચ કર્યો છે તેની માહિતી દર 3 મહિને તેમની પોતાની વેબસાઈટ પર અથવા તો FCRAની વેબસાઈટ પર અપલોડ કરવી પડે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) રુબેલા (Rubella) રોગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ રોગ વાયરસ દ્વારા ફેલાય છે.

(2) આ રોગની રસી ઉપલબ્ધ છે.

(3) આ રોગનો ફેલાવો હવા દ્વારા થઈ શકે છે.

(4) આ રોગને બ્રિટીશ મિઝલ્સ (મિઝલ્સ એટલે ઓરી) પણ કહે છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં **WHO**ના દક્ષિણ–પૂર્વ એશિયા વિસ્તારમાં ઓરી (મિઝલ્સ) તથા રુબેલા બન્નેને દૂર કરનારા માલદીવ તથા શ્રીલંકા પ્રથમ રાષ્ટ્રો બન્યાં છે.

⇛ રુબેલાને જર્મન મિઝલ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

⇛ રુબેલા રોગ રુબેલા વાયરસ દ્વારા ફેલાય છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ રુબેલાની રસી ઉપલબ્ધ છે તથા તેની અસરકારકતા **95%** છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ ચેપી વ્યકિત ઉધરસ ખાતાં આ રોગનો ફેલાવો હવા દ્વારા થઈ શકે છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ આ એક મંદ રોગ છે જે સામાન્ય રીતે બાળકો તથા યુવાનોને થાય છે.

⇛ ગર્ભવતી મહિલાને આ રોગ થતાં તેમનું મૃત્યુ થઈ શકે છે અથવા તો બર્થ ડિફેક્ટ (**Birth defects**) થઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) એનફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ED-Enforcement Directorate) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે ભારતની આર્થિક ઈન્ટેલીજન્સ એજન્સી છે.
(2) તે ભારતમાં આર્થિક ગુનાઓ સામે લડે છે.
(3) તે નાણા મંત્રાલયની હેઠળ આવે છે.
(4) તે FEMA તથા PMLA જેવાં કાનૂનનું અમલીકરણ કરાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ ED એક વિશિષ્ટ નાણાકીય ઈન્વેસ્ટીગેશન એજન્સી છે જે ભારતના નાણા મંત્રાલયના રેવન્યુ વિભાગની હેઠળ કાર્ય કેર છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે ભારતની આર્થિક ઈન્ટેલીજન્સ એજન્સી છે જે કાયદાનું અમલીકરણ પણ કરાવી શકે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે ભારતમાં આર્થિક કાયદાઓના અમલીકરણમાં તથા આર્થિક ગુનાઓ સમક્ષ લડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે મુખ્યત્વે બે કાનૂનના અમલીકરણમાં વધુ સક્રિય છે :
(i) FEMA (ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999)
(ii) PMLA (પ્રિવેન્શન ઓફ મની લૉંડરીંગ એક્ટ, 2002)
(આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેની સ્થાપના 1 મે 1956ના રોજ 'એન્ફોર્સમેન્ટ યુનિટ' તરીકે થઈ હતી.

⇛ તેનું વડુંમથક નવી દિલ્હીમાં આવેલું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) Amazonia-1 ઉપગ્રહ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક કમ્યુનિકેશન તથા ડેટા એનાલિસિસ ઉપગ્રહ છે.

(2) આ ઉપગ્રહ બ્રાઝિલનો છે.

(3) આ ઉપગ્રહનું લોંચીંગ ISRO દ્વારા કરવામાં આવશે.

(4) આ બ્રાઝિલનો પ્રથમ ઉપગ્રહ છે જેનું સંપૂર્ણ ડિઝાઈનીંગ, નિર્માણ, એકીકરણ તથા ટેસ્ટીંગ સંપૂર્ણ રીતે બ્રાઝિલ દ્વારા કરવામાં આવેલું છે.

(A) માત્ર (1) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)　　(D) આપેલ તમામ

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ ઈસરો દ્વારા બ્રાઝિલનો **Amazonia-1** ઉપગ્રહ સંભવિત રીતે ઓગસ્ટ, **2020**માં લોંચ કરવામાં આવશે. (આથી, વિધાન **(2)** અને **(3)** સાચાં છે.)

⇒ આ ઉપગ્રહનું સંપૂર્ણ નિર્માણ, એકીકરણ, ડિઝાઈનીંગ તથા ટેસ્ટીંગ બ્રાઝિલ દ્વારા કરવામાં આવ્યું છે તથા બ્રાઝિલનો આ પ્રકારનો આ પ્રથમ ઉપગ્રહ છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇒ તેના સફળ લોંચીંગ બાદ સંપૂર્ણ રીતે બ્રાઝિલ દ્વારા ચલાવવામાં આવનાર પણ તે બ્રાઝિલનો પ્રથમ ઉપગ્રહ બનશે.

⇒ તે એક અર્થ ઓબ્ઝર્વેશન (પૃથ્વી નિરીક્ષણ) ઉપગ્રહ છે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇒ આ ઉપગ્રહને શ્રી હરિકોટામાંથી **PSLV** રોકેટ દ્વારા લોંચ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT